PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા–૦૨/૧૭–૧૮/ 7917 તા. 21-09-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સુરેશભાઈ શીવભાઈ ગઢીયા,
ગામ: ગઢકા
તા. જી. રાજકોટ
મો: ૯૭૨૬૩ ૫૪૧૩૯

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૯/ક્વા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ત્રંબા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૯/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૪–૦૯–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સુરેશભાઈ શીવાભાઈ ગઢીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી સુરેશભાઈ શીવાભાઈ ગઢીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :પી.જે. મહેતા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)**

---

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, ત્રંબા પેટા વિભાગીય કચેરી તરફથી, રૂ.૩૪,૧૮૮/૬૧ નુ વીજબીલ ભરવા તા.૦૩–૦૮–૧૭ ના પત્ર થી મળેલ છે. જેમા, ૪૯૩૮ યુનીટ બતાવેલ છે. જયારે ગ્રાહક ના વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૫ મુજબ, બીલ ના રીડીંગ ૨૮૭૧ હતા.સદર મીટર તા.૩૧–૧૦–૧૫ ના રોજ બદલાવેલ છે. જેમા, રીડીંગ ૧૭૬૭ હતા. અને લેબોરેટરી ચેકીંગ તા.૨૯–૧૨–૧૫ મુજબ મીટર રીડીંગ ૮૧૪૯ હતા. |
| ૧.૨ | તેમજ, પેટા વિભાગીય કચેરી દ્રારા આપવામા આવેલ લેબોરેટરી ચેકીંગ ની તારીખો મા અરજદાર શ્રી ને હાજર રહેવા જણાવેલ હતુ. પરંતુ,તેઓ બીમારી ના કારણોસર, હાજર રહી શકેલ ન હતા. આમ, તેઓની ગેરહાજરી મા મીટર નુ લેબ પરીક્ષણ તા. ૧૯–૧૨–૧૫ ના રોજ કરવામા આવેલ હતુ. લેબ પરીક્ષણ દરમ્યાન મીટર ક્ષતિગ્રસ્ત હોવા છતા, અમોને ૪૯૩૮ યુનીટ ની રકમ રૂ.૩૪,૧૮૮/૬૧ વીજબીલ આપેલ હોય, તે વીજબીલ ની રકમ ને રદબાતલ કરવાની ગ્રાહક ની માંગણી છે. આમ, તેઓએ બીલ સબબ થયેલ અન્યાય બાબતે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૦૪૨૯/૦૦૪૫૪/૦ ના મીટર ગામ ગઢકા મા ધરાવે છે. તેઓના મીટર નો ડિસ્પ્લે બંધ હોય, તા.૨૯–૧૦–૧૫ ના રોજ ગ્રાહક શ્રી દ્રારા અરજી કરાતા, ત્રંબા પેટા વિભાગીય કચેરી તરફથી, તા.૩૧–૧૦–૧૫ ના રોજ સદર મીટર બદલાવેલ છે. મીટર બદલાવતી વખતે સદર મીટર મા રીડીંગ ૧૭૬૭ બતાવેલ હતા. |
| ૨.૨ | ગ્રાહક શ્રી ને સદર મીટર નુ લેબ પરીક્ષણ કરવા માટે ૦૩ તારીખ આપવામા આવેલ હતી. પરંતુ, ગ્રાહક સદર તારીખ મા લેબ પરીક્ષણ વખતે હાજર ન રહેતા, સદર મીટર નુ લેબ પરીક્ષણ એકતરફી તા.૧૯–૧૨–૧૫ ના રોજ કરાયેલ હતુ. સદર લેબોરેટરી ચકાસણી વખતે, ૮૧૪૯ રીડીંગ સદર મીટર મા જણાયેલ હતુ. અને સદર મીટર મા તારીખ અને સમય ખોટા બતાવતા હતા. તેથી સદર મીટર ને ડિફેકટીવ જાહેર કરવામા આવેલ હતુ. |
| ૨.૩ | ત્યારબાદ, ત્રંબા પેટા વિભાગીય કચેરી ખાતે નુ વર્ષ – ૨૦૧૫–૧૬ નુ ઈન્ટરનલ ઓડિટ, ઓડિટ ટીમ દ્રારા કરવામા આવેલ, તેમા સદર ગ્રાહક ને લેબ પરીક્ષણ વખતે જણાયેલ રીડીંગ ૮૧૪૯ મુજબ બીલીંગ થયેલુ ન જણાતા, ઓડિટ ટીમ દ્રારા આ બાબત ની નોંધ ત્રંબા પેટા વિભાગીય કચેરી ને અપાયેલ હતી. તે અન્વયે સદર ગ્રાહક ને ( ૮૧૪૯ – ૨૮૭૧ = ૫૨૭૮) ૫૨૭૮ યુનીટ નુ બીલ આપવાનુ સુચવવામા આવેલ હતુ. પરંતુ, સદર ગ્રાહક ને માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૫ તેમજ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૫ દરમ્યાન ૧૭૦ યુનીટ ના લોક ના વીજબીલ અપાયેલ હતા. જેનો સરવાળો ૩૪૦ યુનીટ નો થતો હતો. તે અપાયેલ ૩૪૦ યુનીટ ને, ૫૨૭૮ યુનીટ માથી બાદ કરી ને ૪૯૩૮ ( ૫૨૭૮ યુનીટ – ૩૪૦ યુનીટ = ૪૯૩૮ યુનીટ ) યુનીટ ની રકમ નુ બીલ રૂ.૩૪,૧૮૮/૬૧ ગ્રાહક ને અપાયેલ હતુ. |

| | |
|---|---|
| | તે નિયમાધીન રીતે યોગ્ય અપાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતો અન્વયે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૦૪૨૯/૦૦૪૫૪/૦ ના જોડાણ નુ મીટર, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે સદર મીટર ક્ષતિગ્રસ્ત હોવા છતા, – અરજદાર શ્રી ને અપાયેલ સદર મીટર બાબતે ના બીલીંગ લેઝર મુજબ ૮૧૪૯ રીડીંગ ગણીને ગ્રાહક શ્રી ને ૪૯૩૮ યુનીટ ના તફાવતીય, જે વીજબીલ આપેલ છે. તે બીલ યોગ્ય જાહેર થવા પાત્ર નથી. કારણકે, લેબોરેટરી પરીક્ષણ વખતે સદર મીટર પીજીવીસીએલ દ્વારા ક્ષતિગ્રસ્ત જાહેર કરાયેલ છે. તેથી, નામ. જીઈઆરસી ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૬.૫૮ મુજબ ની વિગતે નવેસર થી બીલ, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા રીવાઇઝ કરવા સબબ નો, તેમજ નિયમાધીન રકમ જમા / ઉધાર કરવાનો તેમજ અપાયેલ વીજબીલ નિયમાધીન ન હોય, સદર વીજબીલ ને રદબાતલ કરવુ. અને નિયમાધીન રીતે – ઉપર વર્ણવ્યા મુજબ ગણતરી કરી વીજબીલ ને રીવાઇઝ કરીને આપવાનો નિષ્કર્ષ કરેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, – અરજદાર શ્રી ના જોડાણ નુ સદર મીટર ક્ષતિગ્રસ્ત હોવા બાબતે ની સ્પષ્ટ નોંધ, જે તા.૧૯–૧૨–૧૫ ના રોજ ની લેબોરેટરી ચેકીંગ દરમ્યાન અપાયેલ છે. આમ, અરજદાર શ્રી ને અપાયેલ ૪૯૩૮ યુનીટ ના તફાવતીય વીજબીલ, જે માન્ય રહેવા પાત્ર ન હોવાથી, તે ૪૯૩૮ યુનીટ ના તફાવતીય વીજબીલ ને રદબાતલ કરી અને નામ. જીઈઆરસી ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૬.૫૮ મુજબ ની વિગતે નવેસર થી બીલ, અરજદાર શ્રી અને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા રીવાઇઝ કરવા સબબ નો, તેમજ નિયમાધીન રકમ જમા / ઉધાર કરવાનો આ સાથે આદેશ આપવા બાબતે નો ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.